**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૬.૫ ડીગ્રી
લઘુતમ : ૨૭.૫ ડીગ્રી
ભેજ
સવારે ૭૯ ટકા ● સાંજે ૫૪ ટકા

# શહેરમાં માસ્કનો ૫૫ હજાર દંડ વસુલાયો

## પોલીસ તંત્ર દ્વારા શહેરના સર્કલો, સચિવાલય, જાહેર સ્થળો અને ભીડભાડવાળી જગ્યાઓ પર માસ્ક ન પહેરેલા હોય તેવા નાગરીકો સામે લાલ આંખ કરી દંડનીય કાર્યવાહી કરવામાં આવી



ગાંધીનગર, તા.૧૮

સમગ્ર વિશ્વમાં કોરોનાએ કોહરામ મચાવ્યો છે. ત્યારે ગુજરાતમાં પણ કોરોનાના કેસ ચિંતાજનક રીતે આગળ વધી રહ્યા છે. ગાંધીનગર શહેર-જિલ્લામાં પણ કોરોના ના કેસ ૫૫૦ ને પહોંચવા આવ્યા છે. ત્યારે લોકડાઉન હળવુ થતા નાગરીકો કોરોનાને હળવાશથી લઈ રહ્યા હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે ગાંધીનગર પોલીસ તંત્ર દ્વારા શહેરના સર્કલો, જાહેર સ્થળો, સચિવાલય અને ભીડભાડવાળી જગ્યા પર માસ્ક ન પહેરેલા અને જાહેરનામા ભંગ બદલ ૨૭૦ થી વધુ નાગરીકો પાસેથી પોલીસે ૫૫ હજારના દંડની વસુલાત કરી છે.

રાજય સરકાર દ્વારા કોરોના સામે લડવા માટે માસ્ક ફરજીયાત પહેરવા અપીલ કરવામાં આવી રહી છે. તે ઉપરાંત નાગરીકોને સોશ્યલ ડિસ્ટન્સ જાળવવા માટે પણ કહેવામાં આવી રહ્યું છે. તેમ છતા નગરજનો કોરોનાને લઈ ગંભીરતાથી લઈ રહ્યા નથી તેવુ લાગી રહ્યું છે. રાજયમાં કોરોનાના કેસમાં સતત ઉછાળો જોવા મળી રહ્યો છે. રાજયમાં ૩૬ હજારથી વધુ દર્દીઓ કોરોનાના નોંધાયા છે. ત્યારે પાટનગરમાં પણ કોરોના કેસ ૫૫૦ ને પાર કરવા આવી ગયા છે. લોકડાઉનમાં છુટછાટ મળતા જ કેટલાક નાગરીકો પહેલાની જેમ વર્તી રહ્યા છે તો બીજી બાજુ કોરોનાને લઈ નાગરીકો સાવચેતી અને સલામતી સાથે પોતાનો વેપાર-ધંધો, નોકરી કરી રહ્યા છે. ત્યારે પોલીસ તંત્ર દ્વારા શહેરના સર્કલો, સચિવાલય, જાહેર સ્થળો અને ભીડભાડવાળી જગ્યાઓ પર માસ્ક ન પહેરેલા હોય તેવા નાગરીકો સામે લાલઆંખ કરી દંડનીય કાર્યવાહી કરવામાં આવી છે. અધિકારીથી લઈ નાના કર્મચારીઓને પણ બક્ષવામાં આવ્યા નથી. પોલીસે ૨૭૦ થી વધુ માસ્ક વિના ફરતા નાગરીકો સામેથી ૫૫ હજારનો દંડ વસુલ્યો છે. ત્યારે આગામી સમયમાં પણ આ માસ્કની ઝુંબેશ ચાલુ રહેશે. પોલીસે ગમે તે સમયે ગમે તે સ્થળે જઈ માસ્ક વિના ફરતા નાગરીકો સામે દંડનીય કાર્યવાહી કરશે. તો માસ્ક વિના પકડાયેલા કેટલાક નાગરીકો વિવિધ પ્રકારના બહાનાબાજી કરતા પણ નજરે પડ્યા હતા.

# મનપામાં સમાવેશથી ગુડા વિસ્તારમાં વિકસેલા અર્બન એરિયામાં ખુશીની લહેર

## વાવોલ સહિત કુડાસણ-સરગાસણ-રાયસણ-રાંદેસણ વગેરેના સોસાયટી વિસ્તારના રહીશોએ નિર્ણયને આવકાર્યો

ગાંધીનગર, તા. ૧૮

આજે ગાંધીનગર મહાનગરપાલિકામાં પેથાપુર નગરપાલિકા, વાવોલ, કુડાસણ, સરગાસણ સહિતના ૧૮ ગામો તેમજ અન્ય સાત ગામના કેટલાંક વિસ્તારનો સમાવેશ કરવામાં આવતા આ વિસ્તારની જનતામાં આનંદનું મોજું ફરી વળ્યુ હતુ. આ વિસ્તારોના નવવિકસિત સોસાયટી વિસ્તારમાં મહાનગરપાલિકામાં સમાવેશ થવા બદલ નાગરિકોમાં આનંદ સાથે ઉત્સાહની લહેર જોવા મળી રહી છે અને સોશિયલ મિડિયા પર રહીશો એકબીજાને જાણ કરી અભિનંદન આપી રહ્યાં છે જયારે મનપામાં સમાવિષ્ટ ગામોના રાજકીય અગ્રણીઓમાં મિશ્ર લાગણી જોવા મળી રહી છે.

ગાંધીનગર મહાનગરપાલિકાના વિસ્તારને વધઆરવાની કવાયત ઘણા સમયથી ચાલી રહી હતી અને શહેરની આસપાસ ગુડા વિસ્તારમાં વિકસેલા નવા અર્બન વિસ્તારોના રહીશો જેઓમાં મોટા ભાગના ગ્રામ્ય વિસ્તારના મૂળ નાગરિકો નથી પરંતુ પોતાના નોકરી-વ્યવસાય કે અન્ય કારણોસર આ વિસ્તારોના રહીશ બન્યાં હતા તેઓ તેમનો વિસ્તાર મનપામાં સમાવાય જેથી મહાનગરપાલિકાની સુવિધાઓનો લાભ પ્રાપ્ત થઈ શકે તેવો મત ધરાવતા હતા. આજે ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનમાં પેથાપુર નગરપાલિકા સહિત ૧૮ ગામો તથા અન્ય સાત ગામોના અમુક વિસ્તારને સમાવવાની જાહેરાત થતા જ સોશિયલ મિડિયા પર આ સમાચાર ઝડપથી વાઈરલ થયાં હતા. આ વિસ્તારોના તથા સોસાયટીઓના સોશિયલ મિડીયા ગૃપમાં જીએમસીના વિસ્તૃતીકરણના આદેશની કોપી શેર કરી રહીશો એકબીજાનો અભિનંદન પાઠવ્યાં હતા. વાવોલ સહિત કુડાસણ, સરગાસણ, રાયસણ, રાંદેસણ સહિતના વિસ્તારમાં આનંદની લહેર પ્રસરવા પામી છે.

# ફિરોજપુર ગામે જમીનના ખોટા દસ્તાવેજ મુદ્દે પિતરાઈ ભાઈ સહિત પાંચ સામે ફરીયાદ

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર નજીક આવેલા ફિરોજપુર ગામમાં આવેલી સંયુકત માલિકીની કૌંટુબીક જમીન મુદ્દે તકરાર થતા સમગ્ર મામલો પોલીસ સ્ટેશન ગયો છે. જેમાં ખેડુતે પિતરાઈ ભાઈ સહિત પાંચ શખ્સો સામે ખોટા દસ્તાવેજ અંગે પોલીસ ફરીયાદ નોંધાઈ છે. જમીન અંગે ખેડુતે જિલ્લા પોલીસ વડાને અરજી કર્યા બાદ ડભોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસનો ધમધમાટ શરુ કર્યો છે.

મળતી વિગત મુજબ ગાંધીનગર તાલુકના જેઠીપુરા ફિરોજપુર ખાતે રહેતા પ્રહલાદજી કાકુજી ઠાકોર (ઉં.૬૨) એ ડભોડા પોલીસ મથકે નોંધાવેલી ફરીયાદ મુજબ તેમના પિતાને ચાર ભાઈને એક બહેન હતી. જેમની ફિરોજપુરમાં ૬ જેટલા સર્વે નંબરમાં સંયુકત જમીન આવેલી છે. જે જમીનો પિતરાઈ ભાઈઓ વચ્ચે મૌખિક રીતે વહેંચણી કરી હતી. પરંતુ કાગળ પર વહેંચણી કરાર કે કોઈના નામે અલગથી વિભાજીત કરાઈ ન હતી. જેથી તમામ જમીન તમામ પિતરાઈ ભાઈઓના સંયુકત નામે જ હતી. ત્યારે અમદાવાદના સોલા ખાતે રહેતા કલ્પેશ અમૃતભાઈ દેસાઈ એ ફરીયાદીના પિતરાઈ ભાઈ પોપટજી બાપુજી ઠાકોરને સાથે રાખી મળતીયા દેવાજી રમણજી ઠાકોર, ગણપતજી ડાહ્યાજી ઠાકોર, તેમજ વિજયકુમાર પોપટજી ઠાકોરની મદદગારીથી છેંતરપિંડી કરી છે. જેમાં ફરીયાદીની જાણ બહાર પોપટજી એ તમામ જમીનમાં તેના કહેવાતા ભાગ અંગે કલ્પેશ દેસાઈને નોટરારઈજ જનરલ પાવર ઓફ એર્ટની કરી આપી હતી. જેથી મદદથી કલ્પેશ દેસાઈએ પોપટજીના હિસ્સાની જમીનના વિવિધ પાંચ ખોટા વેચાણ દસ્તાવેજ તૈયાર કર્યા હતા. જેને પગલે ખેડુતે આ અંગે ડભોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી છે.

# ગુરૂદ્વારા ગુરૂનાનક સાહેબ ખાતે વૃક્ષારોપણ કરાયું



ગાંધીનગર, તા.૧૮

ગુરૂદ્વારા ગુરૂનાનક સાહેબ સે-૩૦ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર રીટાબેન પટેલ, સમુદાયના મહિલા અગ્રણી પરમજીત કૌર છાબડા, કે. રંધાવા, રણવીરિસંહ રાઠોડ, બલબીરસિંહ રાજપાલ સાથે સમાજના અગ્રણી હાજર રહ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવામાં કુલવિન્દર સિંગ ગીલ એ ખૂબ જહેમત ઉઠાવી હતી.



આજકાલ શહેરમાં જવલ્લેજ જોવા મળતું બાજ નજરે ચઢી જાય છે. ખાસ કરીને સ્વર્ણિમ પાર્ક વિસ્તારમાં તે અવારનવાર જોવા મળે છે. પ્રથમ વરસાદ બાદ બગીચામાં કિટકોની સંખ્યા વધતા બાજના આંટાફેરા વધી જાય છે. વળી આજકાલ બગીચામાં લોકોની અવરજવર નહીવત હોવાથી અહીં ઘણા બાજપક્ષી જોવા મળી જાય છે.

## નગરમાં ઘ રોડ પાસે વૃક્ષારોપણ કરાયું

ગાંધીનગર, તા.૧૮

ચોમાસાનું આગમન થતાં જ નગરમાં વૃક્ષો વાવવાની કામગીરી શરૂ થઈ જાય છે ત્યારે સેકટર-૭-બીના રહેવાસી ભાવનાબેન તથા મહેશભાઈ નાઈ દ્વારા ઘ રોડ પર આવેલ પ્લોટમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ કામગીરી બદલ સિસિકા ગાંધીનગર દ્વારા તેમને અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

# શહેરના શાકભાજીના નવા સરનામા

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર શહેરમાં શાકભાજીના સરનામાં બદલાયા છે. નગરજનો પહેલા વિવિધ શાકભાજીની ખરીદી કરવા માટે સેકટર-૨૧, ૨૪ અને સેકટર-૭ ખાતે આવેલા શાકમાર્કેટમાં જવુ પડતુ હતું. પરંતુ હવે કુડાસણ, ન્યુ સરગાસણ, ઘ-૩ થી ગ-૩ અને ચ-૦ થી રાયસણ સુધીના માર્ગ પર વેપારીઓ તાજા શાકભાજીના વેચાણ કરતા નજરે પડે છે. નવા ઉભરી રહેલા શાકના સ્થાનો પર શાકની ખરીદી કરવા માટે નાગરીકોની ભારે ભીડ જોવા મળે છે.

કોરોનાના કોહરામને પગલે લોકડાઉનની સ્થિતિ સર્જાઈ હતી. લોકડાઉનને પગલે ખેડુત અને વેપારીઓને મુખ્ય શાકમાર્કેટ પહોંચવા સુધી ભારે મુશ્કેલીનો સામનો કરવો પડતો



હતો. જેથી કેટલાક વેપારીઓ સેકટરની બહારની સાઈડ આવન-જાવન ધરાવતા માર્ગ પર બેસીને શાકભાજીનું વેચાણ કરતા હતા. લોકડાઉનમાં છુટછાટ મળતા નાગરીકો સેકટર-૨૧,૨૪,૭,૬ ના શાકબજારોમાં નાગરીકોની ભારે ભીડ ઉમટી પડતી હતી. સોશ્યલ ડીસ્ટન્સ સાથે નાગરીકો વિવિધ શાક અને ફળફળાદીની ખરીદી કરતા હતા.પરંતુ લોકડાઉનમાં ગણતરીનું શાક આવતા જ સ્ટોક પુરો થઈ જતા કેટલાક નાગરીકોને શાક મળતુ ન હતું. જેથી તેઓ છુટા છવાયા બેસીને શાકનું વેચાણ કરતા વેપારીઓ પાસેથી ખરીદી કરતા હતા. જેને પગલે હવે શાકના વેપારીઓ અને નાગરીકોને અનુકુળ આવી જતા શહેરના ઘ-૩ થી ગ-૩ વચ્ચે, ચ-૦ થી રાયણસ સુધી શાકના વેપારીઓ તાજા શાકભાજીના વેચાણ માટે બેઠા હોય છે.

જયારે કુડાસણ, ન્યુ સરગાસણ વિસ્તારમાં પણ શાકભાજીના નવા માર્કેટ ઉભા થવા પામ્યા છે. પહેલા નાગરીકોને શાકની ખરીદી માટે માર્કેટ ફરજીયાત જવુ પડતુ હતું, પરંતુ હાલની સ્થિતિએ નોકરી કે કોઈ કામ અર્થે નીકળીને ઘર તરફ પરત ફરતા પણ શાકના સ્ટોલ જોવા મળતા નાગરીકો ઉભા રહીને ખરીદી કરતા નજરે પડે છે. જેથી શહેરમાં શાકભાજીના નવા સરનામાં ઉભા થતા શહેરના શાકમાર્કેટમાં પણ ગૃહિણીઓની ભીડ ઓછી જોવા મળી રહી છે. ત્યારે માર્ગો પર તાજા અને વ્યાજબી ભાવે શાક મળતા નાગરીકો પોતાના વાહન ઉભા રાખીને પણ ખરીદી કરી રહ્યા છે.

## સલામતી સાથે જલારામ મંદિરના દ્વારે દર્શનાર્થીઓ પહોંચ્યા



ગાંધીનગર, તા.૧૮

જલારામ મંદિર, સે-૨૯ના દ્વાર ગુરુવારના રોજથી દર્શનાર્થીઓ માટે ખુલ્લા મુકાયા હતા. મંદિરમાં વ્યવસ્થાપકો દ્વારા સેનીટાઈઝેશન અને ટેમ્પરેચર માપનની વ્યવસ્થા કરવામાં આવી છે. સાથે મુખ્ય મંદિરના પ્રવેશદ્વારથીજ ક્રમ મુજબ સોશિયલ ડિસ્ટન્સીંગ જળવાય તે માટે કુંડાળા કરવામાં આવ્યા છે તથા માસ્ક સાથે જ તમામને એન્ટ્રી આપવામાં આવી રહી છે.

# બાઈક સર્વિસ કરતાં ડેકીમાંથી મળેલા ૧૧ હજાર રોકડાં કારીગરે પરત કર્યા...!!

## કોરોના મહામારીના કપરાકાળમાં મધ્યમવર્ગીય સાંઈ ઓટોના કારીગરની પ્રમાણિકતાથી ગેરેજ માલિક તથા બાઈક માલિક પ્રભાવિત...!!

ગાંધીનગર, તા.૧૮

દેશભરમાં લૉકડાઉના કારણે અર્થતંત્ર તદ્દન ધીમું પડી ગયું છે અને નાના-મોટા તમામ વેપાર-ધંધા-વ્યવસાયને તેની ઘેરી અસર પહોંચી છે. આ પ્રકારના વ્યવસાયકારોએ ત્રણ માસની આવક તો ગુમાવી છે પરંતુ હજુ પણ અનલૉક-૧ પછી વેપાર-ધંધામાં કામકાજ ખૂબ નબળાં ચાલી રહ્યા છે અને મધ્યમવર્ગની આવક પર મોટો ફટકો પડયો છે. આમ છતાં હજુ પણ મધ્યમ વર્ગે આર્થિક સંકડામણની આ સ્થિતમાં પોતાના સંસ્કાર અને સિધ્ધાંત સાથે બાંધછોડ નથી કરી. ગાંધીનગરમાં હજુ ત્રણેક દિવસ પહેલા એક ચાવાળાની પ્રમાણિકતાનો કિસ્સો જગજાહેર થયો હતો તેજ રીતે આજે એક બાઈક-સ્કૂટર રીપેરીંગ કરતા ઓટો ગેરેજના કારીગરની ઈમાનદારીએ સૌને પ્રભાવિત કર્યા છે.

### બાઈક માલિકે જન્મદિવસ હોવાથી આઈસ્ક્રીમ ખવડાવ્યો...!!

જે બાઈકમાંથી કારીગર ફ્રાન્સિસ ગોમ્સને રૂ. ૧૧ હજાર રોકડાં મળ્યા હતા તે બાઈક માલિકનો તે દિવસે જન્મદિવસ હતો અને આ દિવસે તેને પોતાનાથી ભુલાઈ ગયેલા નાણાં પરત મળી આવતા તેના આનંદનો પાર રહ્યો નહોતો. આ સાથે બાઈક માલિકે ફ્રાન્સિસને રોકડ ઈનામ આપવાની તૈયારી દર્શાવી હતી પરંતુ તેણે લેવાનો ઈન્કાર કર્યો હતો. જો કે બાઈક માલિકે વધુ આગ્રહ કરતા સાઈ ઓટોના માલિક મયુર પટેલે વચલો રસ્તો કાઢતા બાઈક માલિકને તેમનો જન્મદિવસ હોવાથી સમગ્ર સ્ટાફને આઈસ્ક્રીમ ખવડાવવા જણાવ્યું હતું જેને માન્ય રાખી બાઈક માલિકે સાઈ ઓટોના તમામ સ્ટાફને આઈસ્ક્રીમ ખવડાવી ઉજવણી કરી હતી.

ન્યુ ગાંધીનગરના કુડાસણ વિસ્તારમાં



સ્વામિનારાયણ ધામ નજીક યોગેશ્વર કોમ્પ્લેક્ષ ખાતેના સાઈ સર્વિસ ઓટો ગેરેજ ખાતે એક ગ્રાહક પોતાનું બાઈક રીપેર કરવા મુકી ગયો હતો. આ બાઈક છેલ્લા ૭-૮ મહિનાથી વપરાયું નહોતું જેના કારણે સર્વિસ કરાવવી જરુરી હતી. બાઈકની સર્વિસ દરમિયાન સાઈ સર્વિસના કારીગર ફ્રાન્સિસ ગોમ્સે બાઈકની ટુલ્સ રાખવાની ડેકી ખોલી તો તેમાંથી રૂ. ૧૧ હજાર રોકડા મળી આવ્યા હતા. આ સમયે કારીગર જો ધારત તો તે નાણાં સંતાડીને આ વાત સૌ કોઈથી છુપાવી શકત પરંતુ ફ્રાન્સિસે તેવું કરવાને બદલે આ નાણાં તુરંત જ તેના સાંઈ ઓટો ગેરેજના માલિક મયુર પટેલને સોંપી સમગ્ર હકીકત જણાવી હતી. કોરોના મહામારીમાં કપરા કાળમાં પણ પોતાના કારીગરની આવી ઈમાનદારી જોઈ મયુર પટેલ ખૂબ જ પ્રભાવિત થયા હતા અને પોતાના ૧૩ વર્ષ જુના પ્રમાણિક કારીગર ફ્રાન્સિસ ગોમ્સને બિરદાવવા સાથે બાઈક માલિકને ફોન કરી જાણ કરી હતી. આ સાથે બાઈક માલિક તુરંત સાઈ ઓટો ખાતે આવી પહોંચ્યા હતા અને જણાવ્યું હતું કે આ નાણાં તેમણે લોકડાઉન પહેલા બાઈકની ડેકીમાં મુકયા હતા પરંતુ સંજોગોવસાત તેની જરૂર ના પડતાં તેઓ ભુલી પણ ગયા હતા. આ પછી તેમણે કારીગર ફ્રાન્સિસ ગોમ્સ તથા મયુર પટેલનો આભાર માની ઈનામ પેટે રૂ. ૫૦૦ આપવાની તૈયારી દર્શાવી હતી પરંતુ તેને લેવા મયુર પટેલે ઈન્કાર કર્યો હતો. આ ઘટનાની જાણ આસપાસની દુકાનોમાં પણ થતા તમામે કારીગર ફ્રાન્સિસ ગોમ્સની પ્રમાણિકતાના વખાણ કરી બિરદાવ્યા હતા અને ગેરેજ માલિક મયુર પટેલે પણ પોતાની ગેરેજની શાખ વધારવા કારીગરનો આભાર માન્યો હતો.

### ચિરવિદાય

● સ્વ. દિલીપસિંહ તિકુજી ચાવડા, ઉ.વ. ૫૫, મુ. કોલવડા